નં. વિક/કાર્યક્રમ/યુ.૪/પ્લોટ/વશી/૨૦૨૨/૯૯૬ થી ૯૯૮

વિકાસ કમિશ્નરની કચેરી
ડો. જીવરાજ મહેતા ભવન
બ્લોક નં.૧૬/૨, ગાંધીનગર
ગુજરાત રાજય
તા.૩૦/૦૭/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી તમામ.

વિષય : ગ્રામ્ય વિસ્તારના ઘરવિહોણા કુટુંબોને મકાન બાંધકામ માટે રહેણાંકના મફત પ્લોટ આપવાની યોજનાનાનું ફોર્મ નિયત કરવા બાબત

સંદર્ભ : પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: અવસ/૧૦૨૦૧૬/૧૨૬૬(૭૭૦૯૧૮)લ તા.૦૧/૦૫/૨૦૧૭

પંચાયત વિભાગના સંદર્ભદર્શિત ઠરાવથી, ગ્રામ્ય વિસ્તારના ઘરવિહોણા કુટુંબોને મકાન બાંધકામ માટે રહેણાંકના મફત પ્લોટ આપવાની યોજના માટે વિવિધ જોગવાઈઓ તથા શરતો નિયત કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત પ્લોટ ફાળવણી ચોક્સાઈપૂર્વક અને પારદર્શી રીતે થાય, તેમજ ગ્રામ્યકક્ષાએ અરજદારોને ફોર્મ ભરવામાં સરળતા રહે તે માટે મફત પ્લોટ મેળવવાનું અરજી ફોર્મ નિયત કરવામાં આવે તે આવશ્યક જણાતું હતુ.

આથી, આ સાથે સામેલ નિયત થયેલ સરળીકૃત ફોર્મનો ઉપયોગ તમામ તાલુકા દ્વારા થાય તે મુજબ કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

વિકાસ કમિશનર
ગુજરાત રાજય, ગાંધીનગર

બિડાણ – ઉપર મુજબ

# મફત પ્લોટ મેળવવાનું અરજી ફોર્મ

શ્રી/શ્રીમતી.........................................................................................................રહે.............................................................
તા...............જિ..............................

તા..../...../..........

પ્રતિ,

તાલુકા વિકાસ અધિકારીશ્રી,

તાલુકા પંચાયત કચેરી......................

જિ..........................

વિષય:- રહેઠાણનો મફત પ્લોટ મંજુર કરવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હું......................................... ગામનો રહેવાસી છું અને મારા નામે ગામમાં મકાન કે પ્લોટ આવેલ નથી કે વારસાઈ હકે પણ કોઈ મકાન કે પ્લોટ આવતું નથી જેથી મને રહેઠાણના મફત પ્લોટની યોજના અન્વયે ગામે મફત પ્લોટ મંજુર કરી ફાળવી આપવા વિનંતી છે. મારી વિગતો આ સાથે સામેલ છે. ખોટી માહિતી આપી સરકારી સહાય મેળવવી તે ગુનો બને છે.તે હું જાણુ છુ. મારી વિગતો ખોટી માલુમ પડશે તો મને ફાળવેલ પ્લોટ રદ કરવા પાત્ર ઠરશે,તેની લેખીત બાહેંધરી લખી આપું છું.

આપનો વિશ્વાસુ

બિડાણ:-

(૧) અરજી ફોર્મ
(૨) રેશનકાર્ડની નકલ
(૩) ચુંટણીકાર્ડની નકલ/આધારકાર્ડની નકલ
(૪) SECCના નામની વિગત
(૫) ખેતીની જમીનનો દાખલો(જમીન નથી તેની વિગત)
(૬) પ્લોટ/મકાનની વિગતો દર્શાવતો દાખલો

# મફત પ્લોટ મેળવવાની અરજીનો નમુનો

પ્રતિ,
તાલુકા વિકાસ અધિકારી શ્રી,
તાલુકા પંચાયત કચેરી, .................

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | અરજદાર નું નામ | : | | |
| ૨ | કાયમી સરનામું | : | | |
| ૩ | હાલનું સરનામું | : | | |
| ૪ | ખેત મજુર છે ? સીમાંત યોજનામાં નોંધાયેલ હોય તો ખેતમજુરોની નોંધણી નંબર | : | | |
| ૫ | ધર્મ /જાતિ/ અનુ.જાતિ/અનુ.જનજાતિ/ બક્ષીપંચ વિગેરે | : | | |
| ૬ | ધંધો ખેતમજુર છે ? કારીગર છે કે અન્ય વર્ગ | : | | |
| ૭ | પરણેલા છે? /કુવારા છે ? | : | | |
| ૮ | સંયુકત રહે છે કે અલગ રહે છે? | : | | |
| ૯ | હાલના રહેણાંકની વિગત અને તેમાં માસીક ખર્ચની વિગત | : | | |
| ૧૦ | પોતાના નામે ઘરથાળ જમીન છે કે કેમ, જો હોય તો વિગત જણાવવી | : | | |
| ૧૧ | અરજદારના નામે ખેતીની જમીન છે કે કેમ? | | પિયતવાળી જમીન હે.આરે. | બીનપિયતવાળી જમીન હે.આરે. |
| ૧૨ | પિતાના નામે મકાન છે.? | : | | |

કુટુંબના સભ્યોની વિગત : નામ સગપણ ઉંમર પરણેલા કે કુવારા ધંધો

(૧)

(૨)

૧૪ SECC-2011માં સમાવેશ થયેલ હોય તો નંબર

૧૫ આવાસની પ્રવર્તમાન યોજનામાં લાભાર્થી પાત્રતા ધરાવે છે કે કેમ ?

૧૬ મતદાર યાદી માં નામ હોય તો મતદાર યાદીનો નંબર તારીખ (નકલ સામેલ રાખવી)

૧૭ સરકારી કે પંચાયતના નોકર છે ? વર્ગ.......... નોકરીનું સ્થળ ........................

૧૮ અરજદાર હાલમાં કયાં અને કોની સાથે રહે છે? નામ સ્થળ સગપણ

૧૯ આ ગામે કેટલા વર્ષોથી રહે છે.? :

૨૦ મકાન/પ્લોટ હોવા છતાં અરજી કયા કારણોસર કરેલ ? વર્ષોથી
૧
૨
૩

૨૧ અન્ય બીજા ગામે મકાન/પ્લોટ કે ખેતીની જમીન હોય તો તેની વિગત

૨૨ અરજદાર શહેરી વિસ્તારમાં રહે છે કે ગ્રામ્ય વિસ્તારમાં

૨૩ અરજદાર અગાઉ પ્લોટની અરજી મંજુર ન કરી હોય અને જમીન ન મળવાના કારણે પ્લોટ ન મળ્યો હોય તેની વિગત સ્પષ્ટ દર્શાવવી.

# બાહેંધરીપત્ર

હું...............................................................................રહેવાસી.................. સત્ય પ્રતિજ્ઞાથી જણાવું છુંકે, ઘરથાળની જમીન વિનામૂલ્યે મેળવવા માટે માંગણી કરેલ છે.તે અરજીમં દર્શાવેલ તમામ હકીકત ખરી છે.

૧ મારા નામે અથવા કુટુંબના કોઈ સભ્યના નામે ખેતીની જમીન ધરાવતો નથી/................ખેતીની જમીન ધરાવું છું./હિસ્સો ધરાવું છું.

૨ મારા નામે કે કુટુંબના કોઈ સભ્યના નામે વતનના ગામમાં કે બીજા કોઈ ગામમાં રહેણાંક પોતાનું મકાન/પ્લોટ નથી. તેમજ આ માટે કોઈ અન્ય ગામે માંગણી કરેલ નથી.

૩. ઉપર પ્રમાણે મારી ૧૦૦ ચો.વાર મફત ગાળા જમીન મેળવવા અરજ છે. જો મારી અરજી મંજુર કરી અને સરકારશ્રીની ઉપલબ્ધ જમીન ઉપર પ્લોટ ફાળવવામાં આવશે તો હું તે સ્વીકારી લઇશ.

૪ મને ફાળવેલ પ્લોટ/મકાનનો હું મારા કુટુંબ માટે ઉપયોગ કરીશ અને તે કોઇને ભાડેથી/બક્ષીશ/વેચાણથી આપીશ નહી, ગીરો મૂકીશ નહી અથવા તો તેના હક્કો કોઇને તબદીલ કરીશ નહી. જો તેમ કરવામાં આવશે તો મારી સામે સરકારશ્રીની યોજનાનો ખોટો લાભ લેવા બદલ ફોજદારી ગુન્હેગાર ગણાઇશ અને તે માટે નિયત સજા/નુકશાન ભોગવવા પાત્ર ઠરીશ અને ઉક્ત શરતોનો ભંગ થયે પ્લોટ સરકારમાં દાખલ કરવામાં આવશે તેની મને જાણકારી છે.

જો સમયસર પ્લોટ /મકાનનો કબજો ન લેવાના કારણે મારી મંજુર અરજી બાબતે સરકારશ્રી જે નિર્ણય લેશે તે મને મારા વાલીવારસોને બંધનકર્તા રહેશે.

૬ સરકારશ્રીના વખતોવખતના ઠરાવો નિયમો મને બંધનકર્તા રહેશે.

૭ અરજીમાં જણાવેલ વિગતો સાચી છે અને ચકાસણી કરતાં ખોટી પડશે તો તે ફોજદારી ગુનો બનશે અને આ ગુના અનુસાર કાયદેસરના પગલાં લેવામાં આવશે. તે મને કબુલ મંજુર છે.

સ્થળ:- ...................

તારીખ:-......./......./.........

અરજદારની સહી

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ......................................... રહે. .................... તા......................ની અરજીની વિગતો પુરાવાના આધારે સ્થળ તપાસ કરી ચકાસણી કરેલ છે.

સ્થળ:- ...................

તલાટી કમ મંત્રી

તારીખ:-......./......./

## તલાટી કમ મંત્રીનો અભિપ્રાય અરજી મળ્યાથી ૫ દિવસ

૧ અરજદારે આ અગાઉ સદર યોજના હેઠળ અરજી કરી નથી તેની ખાત્રી કરી છે. અરજી કરી હોય અને નામંજુર થયેલ હોય તો તેના કારણો સહિત સ્પષ્ટ જણાવવું.

૨ અરજદાર ના નામે પંચાયત રેકર્ડ ઉપર આકારણીપત્રમાં કોઈ મિલ્કત છે કે કેમ? જો હોય તો વિગત જણાવવી.

૩ અરજદાર સંયુકત કુટુંબના સભ્ય છે કે કેમ? (રેશનકાર્ડ અને પંચો દ્વારા ખાત્રી કરવી)

૪ અરજદાર અને તેના સભ્યો અલગ અલગ રહે છે કે સંયુકત (ચુલા અલગ છે કે સંયુકત)

૫ અરજદાર તથા કુટુંબના સભ્યો વર્ષ દરમ્યાન ગામમાં જ રહે છે કે કેમ? કાયમી વસવાટ કરે છે.

૬ અરજદાર સદર ગામમાં ખેતમજુરી કરી ગુજરાન ચલાવે છે કે નોકરી કરે છે.

૭ ગામે–ગામતળ ઉપલબ્ધ છે કે કેમ ? કેટલા પ્લોટ પડી શકશે.?

૮ અરજદાર ઉપલબ્ધ ગામતળમાં પ્લોટ સ્વીકારવા સમંત, છે કે કેમ?

૯ ઉપલબ્ધ ગામતળ રહેઠાણ લાયક છે કે કેમ?

૧૦ અરજી મંજુર થયે તાત્કાલીક પ્લોટનો કબજો આપશે કે કેમ?

૧૧ છેલ્લા પાંચ વર્ષોથી ગામમાં રહે છે જો રહેતા હોય તો મતદાર યાદીમાંથી જરૂરી ઉતારો સામેલ કરવો

૧૨ ગામતળ ઉપલબ્ધ હોય તો પ્લોટ નંબર નકકી કરી નકશામાં સામેલ કરવા.

૧૩ ગ્રામસભાના ઠરાવ નંબર/તારીખ દર્શાવવી (ઠરાવની નકલ સામેલ રાખવી)

૧૪ અરજદારના વારસાઈમાં મકાન કે પ્લોટ મળવાપાત્ર છે કે કેમ?

૧૫ અરજદારની આવકનો દાખલો સામેલ રાખવો

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | અરજદારના નામે ખેતીની જમીન છે કે કેમ? (ઉતારાની નકલ સામેલ રાખવી) | ખાતા નંબર | પિયત<br>હે. આરે | બીન પિયત<br>હે. આરે |
| ૧૭ | અરજદારના પિતા કે વડવાઓના ખેતીની જમીન છે કે કેમ? (ઉતારાની નકલ સામેલ રાખવી) | ખાતા નંબર | પિયત<br>હે. આરે | બીન પિયત<br>હે. આરે |

ઉપરની તમામ વિગતો તથા અરજદારે જાહેર કરેલ વિગતો મે જાતે તપાસી ખાત્રી કરી છે.

ંજુર કરવાપાત્ર છે.

નામંજુર કરવાપાત્ર છે.

સ્પષ્ટ અભિપ્રાય જણાવવો.

સ્થળ:– ....................

તલાટી કમ મંત્રી

સરપંચ

તારીખ:–......./......./૨૦૨